# ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

## દુકાનદારના વીમાની પોલિસી-ખંડ

(પોલિસી નં...................... સાથે જોડેલ અને તેના ભાગરૂપ)

આ સાથેની અનુસૂચિમાં જણાવેલ વીમાદારે ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ. (હવે પછી 'કંપની' તરીકે જણાવેલ)ને પ્રસ્તાવ અને એકરાર રજૂ કર્યા છે. તે આ કરારના આધારરૂપ બનશે અને આમાં હવે પછી સમાવિષ્ટ વીમા માટે સમાવેશ કર્યો હોવાનું માનવામાં આવશે. વળી વીમાદારે આમાં જણાવેલ પ્રીમિયમ ચૂકવ્યું છે અથવા ચૂકવવાનું કબૂલ કર્યું છે, તેથી;

આમાં સમાવિષ્ટ અથવા શેરો કરેલ અથવા હવે પછી વ્યક્ત કરેલ શરતોને અધીન રહીને, કંપની આથી કબૂલ થાય છે કે વીમાદારને મિલકતમાં નુકસાન અથવા હાનિ થાય અથવા જવાબદારી ઊભી થાય અથવા વીમાદાર અથવા ભાગીદાર અથવા નિયામક અથવા વ્યવસ્થાપક સ્ટાફ અથવા વીમાદાર સાથે કાયમી કામ કરતા વીમાદારના કર્મચારીને આમાં હવે પછી જણાવેલ વીમાની મુદત દરમિયાન અથવા જેના માટે વીમાદારે કંપનીને પ્રીમિયમ ચૂકવ્યું હોય અથવા ચૂકવવાનું કબૂલ કર્યું હોય અથવા કંપનીએ તેના રિન્યુઅલ માટે પ્રીમિયમ સ્વીકાર્યું હોય અથવા સ્વીકારવાનું કબૂલ કર્યું હોય તેવા પછીના સમયમાં, કંપની આવું નુકસાન થતાં, મિલકત ગૂમ થઈ જતાં અથવા જવાબદારીની રકમ અથવા યથાપ્રસંગ આમાં દર્શાવેલા લાભ ચૂકવશે, પરંતુ આમાં દર્શાવેલી અનેક બાબતોમાંથી દરેક અંગે વીમાના કોઈ એક સમયમાં નિયત કરેલી રકમ કરતાં વધશે નહિ.

### સામાન્ય શરતો

૧. **નોટિસ** : આ પોલિસી માટે કંપનીને આપવાની જરૂરી નોટિસ અને સંદેશાવ્યવહાર લેખિત રહેશે. તેનાથી વીમો અમલમાં આવશે.

૨. **ખોટું વર્ણન** : મહત્ત્વની માહિતીની ખોટી રજૂઆત, ખોટું વર્ણન અને આવી માહિતી છુપાવવાથી પોલિસી નિરર્થક બનશે અને આ અંગે ચૂકવેલું પ્રીમિયમ જપ્ત થશે.

૩. **યોગ્ય કાળજી** : વીમાદાર વીમો ઉતરાવેલી મિલકતનું/નુકસાન અને હાનિ સામે રક્ષણ કરવા તમામ યોગ્ય પગલાં લેશે. વીમાદાર યોગ્ય કાળજી લેશે અને ફક્ત કાર્યક્ષમ વ્યક્તિઓ જ નિમાય તે જોશે, તમામ અકસ્માતો નિવારવા યોગ્ય સાવચેતી લેશે અને તમામ વૈધાનિક અને અન્ય વિનિયમોનું પાલન કરશે.

૪. **રદ કરવું** : કંપની સાત દિવસની લેખિત નોટિસ આપીને કોઈપણ સમયે આ પોલિસી રદ કરી શકશે. આ બાબતમાં કંપની વીમાના પૂરા ન થયેલા સમયને અનુરૂપ છેલ્લા પ્રીમિયમનો ભાગ વીમાદારને પરત કરશે. વીમાદારની વિનંતીથી પણ આ પોલિસી કોઈ પણ વખતે રદ કરી શકાશે. આ પોલિસી ચાલુ હોય તે સમયે માટે આગ ટેરિફના દરે ટૂંકી મુદતના ધોરણનું પ્રીમિયમ કંપની રાખી મૂકશે.

૫. **દાવાની કાર્યપદ્ધતિ :**

(૧) આ પોલિસી હેઠળ દાવો કરવાનો થાય તેવો અથવા થવાનો સંભવ હોય તેવો બનાવ બનતાં, વીમાદાર (ક) ચોરીની બાબતમાં પોલીસને તરત જ ફરિયાદ કરશે અને ગુનેગાર વ્યક્તિ કે વ્યક્તિઓને પકડાવવા અને ગુમાવેલી મિલકત પાછી મેળવવા તમામ વ્યવહારુ પગલાં લેશે. (ખ) કંપનીને તરત જ તેની નોટિસ આપશે અને ત્યારપછી ૧૪ દિવસ અંદર કંપનીને તેના પોતાના ખર્ચે નુકસાન અથવા હાનિના પ્રમાણની વિગતો અને કંપનીને વાજબી રીતે જોઈએ તેવાં દાવાને પ્રતિપાદિત કરવા ખુલાસા અને પુરાવા રજૂ કરશે.

(૨) વીમાદાર અથવા કોઈ ભાગીદાર, નિયામક અથવા વ્યવસ્થાપક સ્ટાફના સભ્યો અથવા વીમાદારના કર્મચારીઓને, જેના માટે દાવો કરવામાં આવ્યો છે અથવા કરી શકાય તેને શારીરિક ઈજા થાય, તો શક્ય તેટલું ઝડપી, પરંતુ કોઈ પણ બનાવમાં ઈજાની તારીખથી ચૌદ દિવસની અંદર કંપનીને તાત્કાલિક લેખિત નોટિસ આપવામાં આવશે. વીમાદાર અથવા તેના ભાગીદાર, નિયામક અથવા વ્યવસ્થાપક સ્ટાફના સભ્ય અથવા વીમાદારના કર્મચારી મૃત્યુ પામે, તો તેમના કાયદેસર પ્રતિનિધિઓ તરત જ મૃત્યુની જાણ કરશે. બધાં પ્રમાણપત્રો, માહિતી અને પુરાવા તબીબી વ્યવસાયી તરફથી કે અન્યથા પરંતુ કંપનીને જરૂરી હોય, તે વીમાદાર અથવા તેના કાયદેસરના પ્રતિનિધિઓના ખર્ચે રજૂ કરવામાં આવશે. તે કંપની ઠરાવે તેવા સ્વરૂપ અને પ્રકારના રહેશે. વીમાદાર વ્યક્તિને અકસ્માત થયા પછી તરત દાવાનું કારણ બને તે અંગે તબીબી સારવાર લેવી. તેમ ન કરાતાં, કંપની તેનાં પરિણામ માટે જવાબદાર રહેશે નહિ.

(૩) પોલિસી હેઠળ દાવો કરવાનો થાય અથવા દાવાનો સંભવ થાય તેવો બનાવ બનતાં, વીમાદાર કંપનીને તેની નોટિસ આપશે અને કંપનીને તરત જ દાવાની દરેક લેખિત નોટિસ અથવા માહિતી અથવા કોઈ મૌખિક નોટિસ અથવા કોઈ રિટ, સમન્સ અથવા આપેલી કે વીમાદાર સામે શરૂ કરેલી કાયદેસર પ્રક્રિયા મોકલશે અને કંપની કોઈ દાવાની પતાવટ કરી શકે અને તેનો પ્રતિકાર કરી શકે અથવા કાર્યવાહી શરૂ કરી શકે તે માટે તમામ જરૂરી માહિતી અને સહાય આપશે. વીમાદાર કંપનીની લેખિત સંમતિ સિવાય કોઈ દાવો સરખો કરવામાં કંઈ ખર્ચ કરશે નહિ અને આવી સંમતિ સિવાય તે વાટાઘાટ કરશે, ચુકવણી કરશે, કબૂલ કરશે અથવા તેનો ઇન્કાર કરશે.

૬. **ફાળો** : આ પોલિસીથી આવરી લેવાયેલ કોઈ નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચના બનાવમાં, તે જ નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચને આવરી લેવા બીજો કોઈ વીમો હશે તેનો અમલ આ વીમાદારે કરવાનો હોય કે નહિ છતાં, આ પોલિસીની મર્યાદાને હમેશાં અધીન રહીને, આવા બીજા વીમા હેઠળ વસૂલ કરવાપાત્ર ન હોય તેવાં નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચની વધારાની રકમ ચૂકવશે.

૭. **કપટ** : આ પોલિસી હેઠળનો કોઈ દાવો કોઈ પણ રીતે કપટ ભર્યો હશે અથવા વીમાદાર કે તેની વતી કામ કરતા કોઈ, આ પોલિસી હેઠળ લાભ મેળવવા આવી કપટભરી પ્રયુક્તિ કરશે, તો આ પોલિસી હેઠળના બધા લાભ જપ્ત કરવામાં આવશે.

૮. **હાનિરક્ષા** : નુકસાન અથવા હાનિની રકમ ચૂકવવાને બદલે કંપની, પોતાના વિકલ્પે ગૂમ થયેલી કે નુકસાન પામેલી મિલકત અથવા મકાન-વિસ્તાર કે તેના કોઈ ભાગનું પુનઃસ્થાપન કરાવે, તેને બદલે કે તેની મરામત કરાવે અથવા તેમ કરવામાં બીજા વીમાકર્તા સાથે જોડાઈ જાય. જોકે કંપની તેનું બરાબર અને પૂરેપૂરું સ્થાપન કરવા બંધાયેલી નહિ રહે, પરંતુ સંજોગો મુજબ અને વાજબી રીતે પૂરતું હોય તેમ કરશે. પરંતુ કોઈ પણ સંજોગોમાં આવું નુકસાન અથવા હાનિ વખતે આવી મિલકત હતી ત્યારે તેનું પુનઃસ્થાપન કરવા જે ખર્ચ થયું હોત તે અથવા કંપનીની વીમાની રકમ કરતાં વધારે ખર્ચવા કંપની બંધાયેલી નથી.

૯. **સરેરાશ** : (વિભાગ નં. ૨, ૪, ૫, ૬ લાગુ પડે). કોઈ નુકસાન અથવા હાનિ સમયે મિલકત એકત્રિત રીતે તેની વીમાની રકમ કરતાં વધારે કિંમતની હોય, તો તફાવત માટે વીમાદારને તેનો પોતાનો વીમાકર્તા ગણવાનો રહેશે અને તદનુસાર નુકસાન અથવા હાનિનું ભાગે પડતું પ્રમાણ પોતે ભોગવવાનું રહેશે. પોલિસીની એક વસ્તુ તરીકે દરેક વસ્તુ વધારે હોય, તો આ શરતને અધીન રહીને અલગ ગણવામાં આવશે.

૧૦. પોલિસી હેઠળ ચૂકવવાના પ્રમાણ બાબતમાં (જવાબદારી અન્યથા કબૂલ કરાઈ છે) કોઈ વિવાદ કે તફાવત ઊભો થાય, તો આવો તફાવત બીજા બધા પ્રશ્નોથી સ્વતંત્ર રીતે તેના પક્ષકારો લેખિત રીતે નીમે તે સંપૂર્ણ લવાદના નિર્ણય માટે પુછાવવામાં આવશે. તે એક લવાદના નિર્ણય સાથે સંમત ન થઈ શકે, તો તે ત્રણ લવાદોની પેનલને પુછાવવામાં આવશે. તેમાં વિવાદ/તફાવતના દરેક પક્ષકારે એકેક લવાદ નીમવાનો અને ત્રીજો લવાદ બે લવાદ નીમશે. લવાદ અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ની જોગવાઈઓ અનુસાર આ લવાદી ચલાવવામાં આવશે.

પરંતુ કંપનીએ વિવાદ કર્યો હોય અને આ પોલિસી નીચે અથવા તે સંબંધમાં જવાબદારી ન સ્વીકારી હોય, તો વિવાદ અથવા તફાવત લવાદને પુછાવવામાં નહિ આવે એમ સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે.

વળી આથી સ્પષ્ટરીતે નિયત કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આ પોલિસી અંગે કોઈ પગલાં લેવામાં અથવા દાવો માંડવાના હક બાબતમાં નુકસાન અથવા હાનિની રકમ અંગે લવાદ/લવાદોનો એવોર્ડ પ્રથમ મેળવવામાં આવશે એ પૂર્વ-શરત રહેશે.

૧૧. **શરતોનું પાલન** : વીમાદારે કંઈ કરવાના કે પાલન કરવાની કોઈ બાબતને તે લગતું હોય તે પૂરતું, આ પોલિસીની શરતો અને શેરાનું યોગ્ય પાલન કરવાની અને તે પરિપૂર્ણ કરવાની બાબત આ પોલિસી હેઠળ ચુકવણી કરવાની કંપનીની જવાબદારીની પૂર્વ-શરત રહેશે.

**વ્યાખ્યા** : ઘરફોડી અને / અથવા ખાતર પાડવાનો અર્થ વીમાદારના મકાન-વિસ્તારમાં બળજબરીથી અને હિંસક સાધનોથી પ્રવેશ કરવાનો અથવા બહાર નીકળવાનો અથવા વીમાદાર કે તેના કર્મચારીઓ અથવા તેના કુટુંબના સભ્યો પર હુમલા અથવા ધમકી અથવા હિંસા થશે.

### વિભાગ ૧ : ઈમારત અને અંદરની વસ્તુઓ (નાણાં અને ઝવેરાત સિવાય)

ઈમારત અથવા અંદરની વસ્તુઓ વીમાદારના મકાન-વિસ્તારમાં હોય ત્યારે તે અંગેનું નીચેની બાબતોથી થતું નુકસાન અથવા હાનિની કંપની વીમાદારને હાનિરક્ષા કરી આપશે :

(ક) આગ, વીજળી, ઘરગથ્થું સાધનોમાં ગેસનો વિસ્ફોટ

(ખ) પાણીની ટાંકી, સાધનો અને પાઈપ તૂટી જવાં અથવા ઊભરાઈ જવાં.

(ગ) હવાઈ જહાજ અથવા તેમાંથી નંખાતી વસ્તુઓ

(ઘ) હુલ્લડ, હડતાળ અથવા દ્વેષપૂર્ણ કામ, આતંકવાદનું જોખમ

(ચ) ધરતીકંપ (આગ અને/અથવા આંચકા), જમીન બેસી જવી, જમીન ધસી પડવી, ખડક ધસી પડવા, નુકસાન

(છ) નુકસાનની અસર

### ઊભણી (પ્લીન્થ) અને પાયો

પોલિસીમાં ઊભણી અને પાયાને આવરી લેવાતો નથી. પરંતુ તેને અલગ રીતે આવરી લેવો હોય, તો તેને ઉમેરી શકાય.

### સામાન્ય બાકાત વસ્તુઓ

૧. આ પોલિસી નીચેનાને આવરી લેતી નથી (રહેઠાણને આવરી લેતી પોલિસીઓને આ લાગુ પડતું નથી.)

(૧) વીજળી, એસટીએફઆઇ, જમીન બેસી જવી, જમીન ધસી પડવી, ખડક ધસી પડવા જેવી પોલિસી હેઠળ આવરી લીધેલી, 'દૈવી પ્રકોપનાં જોખમ'થી ઊભા થતા પ્રત્યેક નુકસાન સંબંધમાં દરેક દાવાના પ્રથમ ૫ ટકા, ઓછામાં ઓછા રૂ. ૧૦,૦૦૦ અને વધુમાં વધુ રૂ. ૨૫,૦૦૦ને અધીન

(૨) જેના માટે વીમાદારની આ પોલિસી હેઠળ હાનિરક્ષા કરવામાં આવે છે તેવાં બીજા જોખમોમાંથી ઊભા થતા દરેક નુકસાન માટે પ્રથમ રૂ. ૧૦,૦૦૦

### સામાન્ય અપવાદ

કંપની નીચેની બાબતોમાં જવાબદાર રહેશે નહિ :

(ક) પશુધન, મોટર વાહન અને પેડલ સાઇકલને નુકસાન અથવા હાનિ;

(ખ) નાણાં, નાણાં માટેની જામીનગીરીઓ, ટિકિટો, લગડી,ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ, સ્ટોક અને શેર પ્રમાણપત્રો, વેપારના ચોપડા, હસ્તપ્રત, કોઈ પણ પ્રકારના દસ્તાવેજ, નહિ જડેલાં કિંમતી રત્ન, ઝવેરાત અને કિંમતી વસ્તુઓ.

### સરેરાશની શરત

આગ ફાટી નીકળતાં અથવા વીમો લીધેલ બીજા કોઈ જોખમથી મિલકતને કોઈ નુકસાન કે નાશની શરૂઆત વખતે સામૂહિક રીતે તે પરના વીમા કરતા વધારે કિંમતની હોય, તો વીમાદારને તફાવત માટે તેનો પોતાનો વીમાકર્તા ગણવામાં આવશે અને તદનુસાર ભાગે પડતા પ્રમાણનું નુકસાન ભોગવશે. પરંતુ વીમો ઉતરાવેલી મિલકત પર, વીમો ઉતરાવેલી રકમ, વીમા ઉતરાવેલી મિલકતની એકત્રિત કિંમતના ૮૫ ટકા (પંચ્યાસી ટકા) કરતાં ઓછી હોય, તો આવા નાશ અથવા હાનિની શરૂઆત વખતે આગ ફાટી નીકળતાં આ શરતનો કોઈ હેતુ કે અસર પડશે નહિ.

### વિભાગ ૨ : ઘરફોડી અને ખાતર પાડેલી વસ્તુઓ (નાણાં અને કિંમતી વસ્તુઓ સિવાય)

વીમો ઉતરાવેલા મકાનમાં ઘરફોડી અને/અથવા ખાતર પાડવાથી અંદરની વસ્તુઓને કોઈ નુકસાન અથવા હાનિ સંબંધમાં કંપની વીમાદારની હાનિરક્ષા કરી આપશે.

### ખાસ અપવાદ

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(૧) વીમાદારનો કોઈ કર્મચારી અથવા વીમાદારના કુટુંબનો સભ્ય મુખ્ય અથવા સહાયક તરીકે હોય ત્યાં ઘરફોડી અને/અથવા ખાતર પાડવાથી નુકસાન,

(૨) પશુધન, મોટરવાહન અને પેડલ સાઇકલને નુકસાન અથવા હાનિ.

(૩) નાણાં, નાણાં માટેની જામીનગીરીઓ, ટિકિટો, લગડી, ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટી, સ્ટોક અને શેર પ્રમાણપત્ર, વેપારના ચોપડા, હસ્તપ્રત, કોઈ પણ પ્રકારના દસ્તાવેજનું નુકસાન કે હાનિ અને ખાસ જાહેર ન કર્યા હોય તેવાં નહિ જડેલાં રત્નો અને ઝવેરાત અને કિંમતી વસ્તુઓ

**વિભાગ ૩ : નાણાંનો વીમો**

કંપની નીચેની બાબતમાં વીમાદારને હાનિરક્ષા કરી આપશે :

(ક) વીમાદારના સ્થળથી પંદર માઈલની ત્રિજ્યાની અંદરનાં કોઈ બે સ્થળો વચ્ચે, વીમાદારનાં નાણાં તેના અથવા તેના કર્મચારીઓના હાથમાં માર્ગસ્થમાં હોય ત્યારે અકસ્માત અથવા દુર્ભાગ્યથી નુકસાન.

(ખ) તે તિજોરીમાં, લોખંડના કબાટ/રોકડ પેટી અને/અથવા બીજા કોઈ સ્થળે તાળાકૂંચીમાં હોય ત્યારે ઘરફોડીનો સામનો કરીને ઘરફોડી અને/અથવા ખાતર પાડીને નાણાં અથવા/અને કિંમતી વસ્તુઓને નુકસાન અથવા હાનિ.

(ગ) વીમાદારના સ્થળે વેપારના સમય દરમિયાન, વીમાદાર અથવા તેના કોઈ કર્મચારી પર હુમલો અને/અથવા હિંસા અથવા ધમકી વખતે કેશિયરના ગલ્લા અને/અથવા કાઉન્ટરમાં પડેલાં નાણાંનું નુકસાન, ઘરફોડી અને/અથવા ખાતર પાડવાથી નુકસાન, પરંતુ તે સમયે આવાં નાણાં રોકડની કામગીરી સોંપાઈ હોય તેવા જવાબદાર કર્મચારીની કસ્ટડીમાં હોય.

પરંતુ હમેશાં એ શરત રહેશે કે –

(૧) પોલિસીના વિભાગ ૩ (૩) હેઠળના કોઈ નુકસાન બદલ કંપની કોઈ પણ ભોગે જવાબદાર રહેશે નહિ. તે બન્યાના બે દિવસની અંદર શોધી શકાયું નહિ અને કંપનીને તરત તેની લેખિત જાણ કરાઈ નહિ.

(૨) આવરી લેવાયેલ નાણાં જ્યાં રખાય છે તે સ્થળ સિવાયનાં કોઈ સ્થળોએ તિજોરી લોખંડના કબાટ, રોકડ પેટી અને/અથવા બીજાં સ્થળોએ તાળાબંધીમાં રાખેલી રોકડનો પૂરેપૂરો હિસાબ સલામત રાખવામાં આવશે અને કંપનીની જવાબદારી આવા રેકર્ડથી ખરેખર હિસાબ સુધી મર્યાદિત રહેશે. તે રકમના આ વિભાગ હેઠળની અનુસૂચિમાં જણાવેલી રકમ કરતાં વધશે નહિ.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર નહિ રહે :

(ક) વીમાદારનો કોઈ કર્મચારી, વીમાદારની કુટુંબનો સભ્ય મુખ્ય અથવા સહાયક હોય અથવા નાણાં લઈ જતા એક કે વધારે કર્મચારીઓએ કપટ અથવા અપ્રામાણિકતા કરી હોય અને તેનાથી નાણાંનું નુકસાન થયું હોય.

(૨) ભૂલ અથવા કાર્યલોપને કારણે રકમ ઘટવી.

(૩) ઉક્ત તિજોરીની ચાવી અથવા તેની ડુપ્લીકેટ ચાવીનો ઉપયોગ કરીને તિજોરીમાંથી નાણાં કાઢી લીધાં હોવાથી નુકસાન, સિવાય કે આવી ચાવી હુમલો અથવા હિંસા કરીને અથવા ધમકી આપીને મેળવી હોય.

**વિભાગ ૪ : પેડલ સાઈકલ**

ક. કંપની વીમાદારની પેડલ સાઈકલને નીચેની વસ્તુઓ નુકસાન અથવા હાનિ થતાં તેની હાનિરક્ષા કરી આપશે :

(ક) આગ, વીજળી અથવા બાહ્ય વિસ્ફોટ

(ખ) હુલ્લડ, હડતાળ અથવા દ્વેષપૂર્ણ કામ, આતંકવાદીનું જોખમ

(ગ) ધરતીકંપ, આગ અને/અથવા આંચકા

(ઘ) પૂર, ડૂબમાં જવું, વાવાઝોડું, ઝઝાંવાત, પ્રચંડ તોફાન, વંટોળિયો અથવા ચક્રવાત

(ચ) ઘરફોડી અને/અથવા ખાતર પાડવું અથવા ચોરી

(છ) આકસ્મિક બાહ્ય સાધનો

ખ. આની નીચે વીમો ઉતરાવેલી પેડલ સાઈકલ સંબંધમાં અથવા તેની મારફત થયેલા કે થતા અકસ્માત બાબતમાં આવી પેડલ સાઈકલ પર ન જણાવેલ વીમાદારના કુટુંબના કોઈ સભ્ય અથવા વીમાદારની કસ્ટડી અને નિયંત્રણમાં અથવા તે અંગે વીમાદારની ન હોય તેવી મિલકતને આકસ્મિક નુકસાન અને/અથવા આવી પડેલ સાઈકલ પર જણાવેલ અથવા વીમાદારના કુટુંબના સભ્ય સિવાયની કોઈ વ્યક્તિની ન હોય તેવી મિલકતને આકસ્મિક નુકસાન અથવા આવી પેડલ સાઈકલ પર જણાવાતી વીમાદારની સેવામાં કોઈ વ્યક્તિ અથવા વીમાદારના કુટુંબના સભ્ય સિવાયની વ્યક્તિ અથવા વીમાદારની નોકરીમાં હોય તેવી વ્યક્તિને આકસ્મિક મૃત્યુ અથવા શારીરિક ઈજા માટે કંપનીની લેખિત સંમતિથી વીમાદારે કરેલું મુકદમો માંડવાનું ખર્ચ અથવા વળતર તરીકે ચૂકવવા વીમાદાર કાયદેસર જવાબદાર બનશે તેવી બધી રકમની કંપની વીમાદારને હાનિરક્ષા કરી આપશે, પરંતુ વીમાની કોઈ એક મુદતમાં આવા વળતર અને મુકદમાના ખર્ચ અંગે કંપનીની જવાબદારી ₹ ૧૦,૦૦૦ (દસ હજાર) સુધી મર્યાદિત રહેશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર નહિ રહે :

(૧) પેડલ સાઈકલનો ભાડે અથવા ઈનામ અથવા ભારત બહાર ઉપયોગ કરતાં, તેની મારફત અથવા સંબંધમાં થયેલ કોઈ અકસ્માત, નુકસાન, હાનિ અથવા જવાબદારી;

(૨) અતિભાર, તણાવ અથવા યાંત્રિક રીતે ખોટકાવાથી થયેલું નુકસાન;

(૩) સહાયક સામગ્રીને નુકસાન કે હાનિ સિવાય કે પેડલ સાઈકલ તે જ સમયે ચોરાઈ ગઈ હોય;

(૪) રેસ અથવા ગતિનિર્ધારણ (પેસમેકિંગ) માટે વપરાતી હોય ત્યારે નુકસાન, હાનિ અથવા જવાબદારી.

(૫) આકસ્મિક બહારનાં સાધનોથી પેટા-વિભાગ (ક) હેઠળના દરેક નુકસાનના પ્રથમ ₹ ૧૦ સુધી ચૂકવવાની કંપનીની જવાબદારી નથી, પરંતુ નુકસાન અથવા હાનિ ₹ ૧૦ કરતાં વધારે હોય, તો કંપની પૂરેપૂરું આવું નુકસાન અથવા હાનિ ચૂકવવા જવાબદાર છે.

**વિભાગ ૫ : પ્લેટ ગ્લાસ**

વીમો ઉતરાવેલી જગ્યામાં આકસ્મિક તૂટફૂટથી નિશ્ચિત પ્લેટ ગ્લાસને નુકસાન કે હાનિ બાબતમાં કંપની વીમાદારને હાનિરક્ષા કરી આપશે, પરંતુ વીમાના કોઈ એક સમયગાળા દરમિયાન કોઈ એક કે બધાં નુકસાન અંગે કંપનીની જવાબદારી અનુસૂચિમાં નિયત કરેલી રકમ જેટલી રહેશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતો માટે જવાબદાર રહેશે નહિ :

(૧) વીમાદારના સ્થળે કે આસપાસ ખસેડતાં, ફેરફાર કરતાં અને/અથવા મરામત દરમિયાન તૂટફૂટ અથવા નુકસાન.

(૨) કાચની તૂટફૂટ અને નુકસાન સિવાય છાપેલા અક્ષરો તૂટી જવા.

(૩) ખાસ જાહેર કર્યું હોય તે સિવાય કોઈ પણ વર્ણનના ફ્રેમ કામની ફ્રેમમાં તૂટફૂટ અથવા નુકસાન.

(૪) કામની સંપૂર્ણ જાડાઈની આરપાર વિસ્તરતી ફાટ સિવાય કામને વિકૃત બનાવવા અથવા ઉઝરડા પાડવા અથવા નુકસાન

(૫) સાદા અને સામાન્ય ચળકાટવાળી ગુણવત્તાવાળા કામ સિવાયના ઉપસાવેલા, ચાંદીવાળા, અક્ષરો છાપેલા/લખેલા, સુશોભિત, વળાંકવાળા અથવા ગમે તે પ્રકારના કાચ, સિવાય કે તે ખાસ જાહેર કર્યા હોય.

(૬) પૂરેપૂરા અને સલામત લગાડેલા ન હોય તેવા કાચની તૂટફૂટ

(૭) વેપારમાં રુકાવટ અથવા વિલંબને પરિણામે નુકસાન અથવા હાનિ અથવા તેને બદલવા દરમિયાન અથવા કાચ તૂટવાને કારણે ઈજાથી નુકસાન અથવા હાનિ.

### વિભાગ ૬ : નિયોન સાઈન / ગ્લો સાઈન

વીમાદારના નિયોન સાઇન / ગ્લો સાઇનને નીચેનાથી નુકસાન અથવા હાનિ સંબંધમાં કંપની વીમાદારની હાનિરક્ષા કરી આપશે :

(ક) આકસ્મિક બહારનાં સાધનો

(ખ) આગ, વીજળી અથવા બહારના વિસ્ફોટ અથવા ચોરી

(ગ) હુલ્લડ, હડતાળ, દ્વેષપૂર્ણ કામ અથવા આતંકવાદનું જોખમ

(ઘ) પૂર, ડૂબમાં જવું, વાવાઝોડું, ઝંઝાવાત, પ્રચંડ તોફાન, વંટોળિયો ચક્રવાત અથવા તોફાન.

પરંતુ વીમાના કોઈ એક સમયગાળા દરમિયાન કોઈ નુકસાન કે બધાં નુકસાન સંબંધમાં કંપનીની જવાબદારી અનુસૂચિમાં નિયત કરેલી જેટલી મર્યાદિત રહેશે.

#### ખાસ અપવાદ

શોર્ટ સર્કિટ, વિદ્યુતીય કોશ (arcing), અથવા બીજા કોઈ યાંત્રિક કે વીજળિક રીતે ખોટકાવું અથવા ખામી(fault)થી ઊભા થતા કોઈ બલ્બ અને/અથવા ટ્યુબનું ઓગળવું અથવા બળવું.

### વિભાગ ૮ : બેગેજ

કંપની નીચેની બાબતોમાં વીમાદારની હાનિરક્ષા કરી આપશે :

(૧) વીમાદાર અને / અથવા કર્મચારી સાથે વેપારને લગતો બેગેજ :

(૨) વીમાદાર અને/અથવા માલિક અને/અથવા ભાગીદારના અંગત બેગેજને અકસ્માત અથવા દુર્ભાગ્ય વશ ભારતમાં ગમે તે સ્થળે ગુમાવેલ, નાશ પામેલ અથવા નુકસાન.

પરંતુ આમ ગુમાવેલા નાશ પામેલ કે નુકસાન થયેલ બાબતમાં કંપનીની જવાબદારી આવા નુકસાનના સમયે તેની ખરેખર કિંમત જેટલી મર્યાદિત રહેશે, પરંતુ કોઈ એક સમયગાળામાં અનુસૂચિમાં તેની સામે નિયત કરેલી રકમ કરતાં વધશે નહિ.

#### ખાસ અપવાદ

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(ક) લેન્સ અથવા કાચ, કોઈ સાધનના ભાગ હોય કે નહિ, ચાઇના માર્બલ, ગ્રામોફોન રેકર્ડ અને બરડ તથા તકલાદી પ્રકારની બીજી વસ્તુઓને તિરાડ પડવાથી અથવા તૂટફૂટને કારણે નુકસાન અથવા હાનિ, સિવાય કે આવી મિલકત જે વહાણ, ટ્રેઇન, વાહન અથવા હવાઈ જહાજ મારફત લઈ જવાતી હોય તેના અકસ્માતને કારણે આવું નુકસાન કે હાનિ થઈ હોય.

(ખ) મિલકત જેને અધીન હોય તે સ્વચ્છ કરવા, મરામત કરવા કે પુનઃસ્થાપનની કરવાની કોઈ પ્રક્રિયા અથવા રજકણ, ફૂગી જીવાતથી નુકસાન અથવા હાનિ;

(ગ) વધારે ચલાવવા, અત્યંત દબાણ, શોર્ટ સર્કિટ, ગરમ થવું અથવા ગમે તે કારણસર વીજળીના લીકેજથી ઇલેક્ટ્રિક મશીન ઉપકરણ, જડાણ, ફીટિંગ તેમજ વાયરલેસ સેટ, રેડિયો, ટેલિવિઝન સેટ અને ટેપરેકર્ડરને નુકસાન અથવા હાનિ

(ઘ) કાંડા ઘડિયાળ અને ભીંત ઘડિયાળની યાંત્રિક અવ્યવસ્થા અથવા અતિશય ચાવી આપવાથી નુકસાન.

(ચ) બધાં બારી-બારણાં અને બીજા ખુલ્લા ભાગ સલામત રીતે બંધ કર્યા હોય અને યોગ્ય રીતે બાંધીને સંપૂર્ણ બંધ સલૂનની કાર સિવાયની કારમાંથી ચોરી.

(છ) માલસંવિદા(એફ્રેટમેન્ટ)ના કરાર હેઠળ કોઈ કેરિયર દ્વારા લઈ જવાતા હોય ત્યારે નુકસાન અથવા હાનિ

(જ) નાણાં, જામીનગીરીઓ, હસ્તપ્રત, ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ અથવા દસ્તાવેજ, ઝવેરાત, ઘડિયાળ, ફર, સોના-ચાંદી, રત્ન, સોના અને ચાંદીનાં ઘરેણાં, પ્રવાસ-ટિકિટ, ચેક અને બેન્કના ડ્રાફ્ટને નુકસાન અથવા હાનિ.

(ઝ) મુસાફરી શરૂ થઈ હોય ત્યારે કોઈ પેકેજની અંદરની વસ્તુઓનો ભાગ ન બનતી હોય તેવી વસ્તુઓને નુકસાન અથવા હાનિ, સિવાય કે તે ખાસ જાહેર કરવામાં આવી હોય અને કંપનીએ સ્વીકારી હોય.

(ટ) વપરાશી પ્રકારની વસ્તુઓનો નાશ અથવા તેને નુકસાન

(ઠ) વીમાદાર જ્યાં કાયમી રહેતો હોય તે ગામ, નગર અથવા શહેરની નગરપાલિકા હદની અંદર વીમાદાર પ્રવાસ કરતો હોય ત્યારે વીમાદારની સાથે કાયમી કામ કરતા તેના ભાગીદાર/વ્યવસ્થાપક/કર્મચારીના સભ્યોના અને વીમાદારના અંગત બેગેજને નુકસાન અથવા હાનિ.

(ડ) દરિયાઈ મુસાફરી અને/અથવા મુસાફરીમાં ઉપયોગમાં આવતી લાકડીઓ, છત્રી, તડકા-છત્રી, પંખા, ડેસ્ક, ખુરશી જેવી છૂટી વસ્તુઓ અથવા વ્યક્તિઓ દ્વારા પહેરાતાં વસ્ત્રો અથવા વસ્તુઓ લઈ જવાતી હોય તે

(ઢ) પ્રવાહી તેલ અથવા તેવા પ્રકારની લીકેજ, ઢોળાવું અથવા ભયંકર અથવા નુકસાન કરતી વસ્તુઓ ફાટવાને કારણે અથવા તેનાથી થતા નુકસાન નાશ અથવા હાનિ.

#### ખાસ શરત

આની નીચે વીમો ઉતરાવેલી વસ્તુઓ જોડી અથવા સેટમાં બનેલી હોય ત્યારે, તે અંગે કંપનીની જવાબદારી, જોડી અથવા સેટની વીમાની કિંમતના પ્રમાણસર ભાગ કરતાં વધારે ન હોય તેવી જોડી અથવા સેટના ભાગ તરીકે હોય તેવી વસ્તુઓ કે વસ્તુની ખાસ કિંમતના સંદર્ભ સિવાય, ગૂમ થયેલા કે નુકસાન પામેલા ભાગ કે ભાગોની કોઈ વિગતોની કિંમત કરતાં વધવી જોઈએ નહિ.

## વિભાગ ૮ : અંગત અકસ્માત

વીમાદાર સાથે કાયમી કામ કરતા ૧૬ અને ૭૦ વર્ષ વચ્ચેની ઉંમરના વીમાદાર અથવા કોઈ ભાગીદાર, નિયામક, વ્યવસ્થા સ્ટાફના સભ્ય અથવા વીમાદારના કર્મચારીઓ આકસ્મિક હિંસક, બાહ્ય અને દશ્ય સાધનોથી સંપૂર્ણ અને સીધી શારીરિક ઈજા ભોગવે અને તેના પરિણામે આમાં હવે પછી જણાવ્યા મુજબ મૃત્યુ અથવા અશક્તતા આવે, તો કંપની વીમાદાર અથવા તેમના એસાઇની/તેમના કાયદેસર અંગત પ્રતિનિધિને આમાં હવે પછી નિયત કરવામાં આવે તે રકમ ચૂકવશે. એટલે કે

૧. આવી ઈજા થયાના ૧૨ (બાર) કેલેન્ડર મહિનાની અંદર તે વીમાદાર વ્યક્તિનું સંપૂર્ણ અને સીધું કારણ બને, તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી આ સાથે અનુસૂચિમાં દર્શાવેલી વીમાની મૂળ રકમ

૨. આવી ઈજા, તે થયાના ૧૨ કેલેન્ડર મહિનામાં નીચેના સંપૂર્ણ અને મટી ન શકે તેવા નુકસાનનું સંપૂર્ણ અને સીધું કારણ બને, તો

(૧) બંને આંખની દૃષ્ટિ ગુમાવવી અથવા બે આખા હાથ અથવા બે આખા પગ અથવા એક આખો હાથ અને એક આખો પગ શારીરિક રીતે અલગ પાડવાથી થયેલ ખરેખર નુકસાન અથવા એક આંખની દૃષ્ટિ ગુમાવવી અથવા એક આખો હાથ અથવા એક આખો પગ ગુમાવવાથી આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમ

(૨) બે હાથ અથવા બે પગ અથવા એક હાથ અને એક પગના ઉપયોગનું નુકસાન અથવા એક આંખની દૃષ્ટિ ગુમાવવી અને એક હાથ અથવા એક પગના ઉપયોગના નુકસાન બદલ આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળ રકમ.

૩. આવી ઈજા તે થયાના ૧૨ (બાર) કેલેન્ડર મહિનામાં તેનાથી સંપૂર્ણ અને ન મટી શકે તેવું નીચેનું નુકસાન થાય તો –

(૧) એક આંખની દૃષ્ટિ ગુમાવવી અથવા એક આખો હાથ અથવા એક આખા પગને શારીરિક રીતે અલગ, કરાય તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના ૫૦ (પચાસ) ટકા.

(૨) શારીરિક રીતે અલગ કર્યા સિવાય હાથ અથવા પગના ઉપયોગનો સંપૂર્ણ અને ન મટી શકે તેવું નુકસાન થાય, તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના ૫૦ (પચાસ) ટકા

**નોંધ :** ઉપરના ખંડ (૨) અને (૩)ના હેતુ માટે હાથને શારીરિક રીતે અલગ કરવો એટલે કાંડાથી અથવા તેના ઉપરના ભાગથી અલગ કરવો અને પગને શારીરિક રીતે અલગ કરવો એટલે ઘૂંટીથી અથવા તેના ઉપરના ભાગથી અલગ કરવો.

૪. આવી ઈજાના સીધા પરિણામ તરીકે વીમાદાર વ્યક્તિને તાત્કાલિક, કાયમી, સંપૂર્ણ કોઈ પણ વર્ણનના રોજગાર કે વ્યવસાયમાં કામ કરવા તદ્દન અશક્ત બનાવી દે, તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના ૧૦૦ ટકા (એક્સો ટકા) જેટલી ઊચક રકમ.

૫. આવી ઈજાના સીધા અને સંપૂર્ણ પરિણામ તરીકે ૧૨ (બાર) કેલેન્ડર મહિનામાં નીચેનાને શારીરિક રીતે અલગ કરવાથી થતા ખરેખર નુકસાન અથવા ઉપયોગમાં ન મટી શકે તેવું સંપૂર્ણ નુકસાન થાય, તો નીચે દર્શાવ્યા મુજબ મૂળ રકમના ટકા ચૂકવી શકાશે :

| | **વીમાની મૂળ રકમના ટકા** |
|---|---|
| (૧) પગના બંને અંગૂઠાનું નુકસાન | ૨૦ |
| પગના અંગૂઠાના બે મોટા વેઢાને નુકસાન | ૫ |
| પગના અંગૂઠાના એક મોટા વેઢાને નુકસાન | ૨ |
| પગના એક કરતાં વધારે અંગૂઠાનો મોટા સિવાયનો વેઢો | ૧ |
| (૨) બન્ને કાનની શ્રવણશક્તિ ગુમાવવી | ૭૫ |
| (૩) એક કાનની શ્રવણશક્તિ ગુમાવવી | ૩૦ |
| (૪) એક હાથની ચાર આંગળી અને અંગૂઠાનું નુકસાન | ૪૦ |
| (૫) એક હાથની ચાર આંગળીનું નુકસાન | ૩૫ |
| (૬) હાથના અંગૂઠાના બે વેઢાને નુકસાન | ૨૫ |
| – હાથના એક અંગૂઠાના વેઢાને નુકસાન | ૧૦ |
| (૭) અનામિકા આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢાને નુકસાન | ૧૦ |
| (૮) મધ્યમા આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢા અથવા એક વેઢાને નુકસાન | ૬ |
| (૯) તર્જની આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢા અથવા એક વેઢાને નુકસાન | ૫ |
| (૧૦)ટચલી આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢા અથવા એક વેઢાને નુકસાન | ૪ |
| (૧૧)હથેળીના પ્રથમ અથવા બીજા (વધારાના) અથવા ત્રીજા, ચોથા અથવા પાંચમા (વધારાના)ને નુકસાન | ૩ |
| (૧૨)બીજી કોઈ કાયમી-અંશતઃ અશક્તતા | કંપનીના પેનલ ડોક્ટરે આકાર્યા મુજબ ટકાવારી |

૬. આવી ઈજા કામચલાઉ સંપૂર્ણ અશક્તતાનું સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો વીમાદાર વ્યક્તિ કોઈ પણ વર્ણનના કોઈ રોજગાર અથવા વ્યવસાયમાં રોકાવા માટે સંપૂર્ણપણે અશક્ત હોય, તો આ સાથેની અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળ રકમના એક (૧) ટકાના દરે દર અઠવાડિયે ચૂકવવામાં આવશે, પરંતુ તે રકમ બધી પોલિસીઓ હેઠળ દર અઠવાડિયે ₹ ૩૦૦૦થી વધશે નહિ, પરંતુ અગાઉના પેટા-ખંડ(૬)

નીચે ચૂકવવાપાત્ર વળતર, અશક્તતાની શરૂઆતની તારીખથી ગણતાં કોઈ એક ઈજા બાબતમાં ૧૦૦ કરતાં વધારે અઠવાડિયાં માટે ચૂકવવામાં આવશે નહિ અને તે કોઈ પણ બાબતમાં વીમાની મૂળ રકમ કરતાં વધશે નહિ.

૭. પોલિસીમાં વ્યાખ્યા કર્યા મુજબ અકસ્માતને કારણે વીમાદાર વ્યક્તિનું મૃત્યુ તેના રહેઠાણની બહાર થાય, તો વીમાદારના મૃતદેહને તેના રહેઠાણમાં લઈ જવા માટે કરેલું ખર્ચ કંપની ભરપાઈ કરશે. તે વીમાની મૂળ રકમના વધુમાં વધુ ૨ ટકા અથવા ₹ ૨,૫૦૦ એ બેમાંથી જે ઓછું થાય તેને અધીન રહેશે.

૮. **તબીબી ખર્ચ (આવરી લીધું હોય, તો)** : આ વિભાગ હેઠળના કાયદેસર દાવાની પતાવટમાં ચૂકવેલા વળતરના વધુમાં વધુ ૪૦ ટકા સુધીની રકમ અથવા પ્રસ્તુત વીમાની રકમના ૧૦ ટકા, એ બેમાંથી જે ઓછી હોય તે તબીબી અધિકારીના વિગતવાર હિસાબને અધીન રહેશે.

૯. **શિક્ષણ ગ્રાન્ટ** : વ્યાખ્યા કર્યા મુજબ વીમાદારનું મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અશક્તતા બાબતમાં, કંપની તેમના આશ્રિત બાળકોને નીચે મુજબ શિક્ષણ ગ્રાન્ટ આપશે :

(ક) વીમાદાર વ્યક્તિને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરનું એક આશ્રિત બાળક હોય, તો વીમાની મૂળ રકમના ૧ ટકા રકમ, પરંતુ વધુમાં વધુ ₹ ૫૦૦૦ ચૂકવવામાં આવશે.

(ખ) વીમાદાર વ્યક્તિને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરના એક કરતાં વધારે આશ્રિત બાળક હોય, તો વીમાની રકમના ૧ ટકા રકમ, પરંતુ વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ ચૂકવવામાં આવશે. આમ ચૂકવવાપાત્ર રકમ મૂળ વીમાની રકમના પ્રમાણમાં બધી પોલિસીએ ભોગવવાની રહેશે.

વીમાદાર વ્યક્તિને આવરી લેતા બીજા કોઈ અંગત અકસ્માતનો/ના વીમો/વીમા હોય, તો આ વિનિયમ હેઠળના આવી બધી પોલિસીઓ હેઠળના કુલ લાભ એક આશ્રિત બાળક હોય, તો વધુમાં વધુ ₹ ૫૦૦૦ અને એક કરતાં વધારે આશ્રિત બાળક હોય, તો વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ આપી શકાશે. આમ ચૂકવવાપાત્ર રકમ વીમાની મૂળ રકમના પ્રમાણમાં બધી પોલિસીએ ભોગવવાના રહેશે.

પરંતુ કંપની આ પોલિસી હેઠળ નીચેની બાબતો માટે જવાબદાર રહેશે નહિ :

(ક) અશક્તતાના સમાન સમયગાળા અંગે ઉપરના લાભ પૈકી એક કરતાં વધારે લાભ નીચે વળતર

(ખ) કોઈ એક લાભ (૧), (૨), (૩) અથવા (૪) હેઠળના દાવા પછી બીજી કોઈ ચુકવણી સ્વીકારી હોય અને ચૂકવણીપાત્ર બની હોય. તબીબી ખર્ચ વિસ્તરણ હેઠળ કરેલી અને મૃતદેહને લઈ જવાના ખર્ચ હેઠળ કરેલી ચુકવણીને આ લાગુ પડશે નહિ.

(ગ) વીમાના કોઈ એક સમયગાળા દરમિયાન પોલિસી હેઠળ એક કરતાં વધારે દાવાની બાબતમાં કોઈ ચુકવણી, તે સમયગાળામાં કંપનીની અધિકતમ જવાબદારી આ પોલિસીના લાભ (૧) હેઠળ ચૂકવવાપાત્ર રકમ કરતાં વધી જાય. તબીબી ખર્ચ વિસ્તરણ હેઠળ કરેલી અને મૃતદેહને લઈ જવાના ખર્ચ હેઠળ કરેલી ચુકવણીને આ લાગુ પડશે નહિ.

(ઘ) કુલ રકમ નક્કી અને કબૂલ કરાય ત્યાં સુધી અઠવાડિક વળતરની ચુકવણી.

(ચ) ઈરાદાપૂર્વક જાતે ઈજા, આપઘાત અથવા આપઘાતનો પ્રયાસ (૨) માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય. (૩) હવાઈ ઉડ્ડયન અથવા બલૂનિંગમાં હોય, દુનિયામાં ગમે ત્યાં યોગ્ય લાઇસન્સ ધરાવતા ધોરણસર પ્રકારના કોઈ હવાઈ જહાજમાં ઉતારુ (ભાડું આપ્યું હોય કે નહિ) સિવાય તેમાં ચડતાં-ઊતરતાં કે પ્રવાસ કરતાં (૪) ગુપ્ત રોગ, એઇડ્ઝ અથવા ગાંડપણથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ (૫) વીમાદારે ગુનાહિત ઇરાદાથી કાયદાનો ભંગ કરવાને કારણે અથવા તેના પરિણામે મૃત્યુ, ઈજા અથવા અશક્તતા અંગે વળતરની ચુકવણી

(છ) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રાજદ્રોહ, લશ્કરી બળવો, લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા, બધા રાજા, રાજકુમારો અને ગમે તે રાષ્ટ્ર, સ્થિતિ અથવા ગુણવત્તા ધરાવતા લોકોને પકડવા, તેમની ધરપકડ કરવી, નિયંત્રણમાં અને અટકમાં રાખવાથી અને ગિરફતાર કરવાથી વીમાદારને મૃત્યુ, ઈજા અથવા અશક્તતા સંબંધમાં વળતરની ચુકવણી.

(જ) વીમાદાર વ્યક્તિને નીચેનાથી મૃત્યુ અથવા શારીરિક ઈજા અથવા કોઈ રોગ અથવા માંદગી અંગે વળતરની ચુકવણી -

(૧) અણુ બળતણ અથવા અણુબળતણના દહનમાંથી કોઈ અણુ બગાડમાંથી, આયનીત કિરણોત્સર્ગ અથવા રેડિયો-એક્ટિવિટીથી દૂષિત થવાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતાં અથવા થયેલ અથવા ફાળારૂપ બનેલ. આ અપવાદના હેતુસર, દહનમાં અણુવિભાજનની કોઈ સ્વનિર્ભર પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

(૨) અણુશસ્ત્રોની સામગ્રીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ, ઊભી થતી અથવા ફાળો આપતી.

(ઝ) બાળજન્મ અથવા સગર્ભાવસ્થા અને તેના પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ, ફાળો આપેલ, વધી ગયેલ કે લંબાયેલ મૃત્યુ અથવા અશક્તતા

**સંચિત બોનસ**

પોલિસીના આ વિભાગના ખંડ (૧), (૨) અને (૩) અને (૪) એટલે કે મૃત્યુ અવયવ/અવયવોનું નુકસાન અથવા દૃષ્ટિ ગુમાવવા બદલ ચૂકવવાપાત્ર વળતર અને આકસ્મિક ઈજામાંથી ઊભી થતી કાયમી સંપૂર્ણ અશક્તતા બદલ ચૂકવવાપાત્ર વળતર દરેક પૂરા થયેલા વર્ષ બાબતમાં, અકસ્માત થયા અગાઉ દરેક પૂરા થયેલા વર્ષ બાબતમાં જે સમય દરમિયાન પોલિસી ચાલુ હોય અને જેના માટે મૂળ રકમ ચૂકવવાપાત્ર હોય તેમાં ૫ ટકાનો વધારો થશે, પરંતુ આવી વધારાની રકમ આમાં અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળ રકમના ૫૦ ટકા કરતાં વધશે નહિ. સંચિત બોનસ વીમાની મૂળ રકમને લાગુ પડે છે. તે સળંગ રિન્યુ કરાવાય છે.

આ ખંડ વીમાના વાર્ષિક લક્ષણ અથવા આમાં હવે પછી જોગવાઈ કર્યા મુજબ આ પોલિસી રિન્યુ કરવા કંપનીને ના પાડવાના કે તેને રદ કરવાના કંપનીના હકમાં કોઈ પણ રીતે ફેરફાર કરશે નહિ.

પોલિસી પૂરી થયાના ૩૦ દિવસની અંદર રિન્યુ કરાવાય, તો મળેલું બોનસ જશે નહિ.

**વિભાગ ૯**

**વફાદારીની બાંયધરી**

વીમાદારે વીમો ઉતરાવેલા સ્થળે નીમેલા પગારદાર માણસોએ કરેલાં કપટ અને અપ્રામાણિકતાથી થયેલ નાણાકીય નુકસાન વીમાદાર ભોગવે, તો કંપની વીમાદારની આવા નુકસાન અંગે હાનિરક્ષા કરી આપશે, પરંતુ

(ક) તેની સળંગ નોકરી ચાલુ હોય તે દરમિયાન તેના વ્યવસાય અને ફરજો સંબંધમાં આ નુકસાન થયું હોવું જોઈએ અને આવી વ્યક્તિનાં મૃત્યુ, બરતરફી કે નિવૃત્તિ પછીના છ મહિનાની અંદર અથવા આ પોલિસી બંધ થઈ ગયા પછી છ મહિનાની અંદર, આ બનાવોમાં જે પ્રથમ બને ત્યાં સુધીમાં શોધેલું હોવું જોઈએ.

(ખ) આમ નિમાયેલ એક વ્યક્તિ કે બધી વ્યક્તિઓ સંબંધમાં અને વીમાના કોઈ એક સમયગાળામાં બધાં નુકસાન બાબતમાં કંપનીની જવાબદારી અનુસૂચિમાં નિયત કરેલી રકમ સુધી મર્યાદિત રહેશે.

**ખાસ શરતો**

૧. નુકસાન અથવા હાનિ બાબતમાં, વીમાદાર તરત જ પોલીસને નોટિસ આપશે અને ગુનેગાર વ્યક્તિઓને શોધી કાઢવા અને શિક્ષા કરવા અને ગુમાવેલી મિલકત શોધીને તેને પાછી મેળવવા બધાં વ્યવહારુ પગલાં લેશે. દાવો કરેલું નુકસાન જેની સામે વીમો લીધો છે તેના કોઈ એક કારણમાંથી ખરેખર ઊભું થયું છે.

૨. કોઈ એક કર્મચારીનાં કાર્યો કે કસૂર સંબંધમાં એક કરતાં વધારે દાવા માટે ચૂકવવા કંપનીને કહેવામાં નહિ આવે. આવા કર્મચારીઓ માટે સાથેની અનુસૂચિમાં દર્શાવેલા જોખમની શરૂઆતની તારીખથી કાર્યો અને કસૂર બાબતમાં જ કહેવામાં આવશે. પરંતુ હમેશાં એ શરતે કે આથી જાહેર કરવામાં આવે છે કે આવા કર્મચારીઓનાં ખોટા દસ્તાવેજ, ઉચાપત, ચોરી, કપટી રૂપાંતરનાં કોઈ કાર્યો વીમાદારે શોધ્યા પછી આવા કર્મચારીઓએ કરેલાં અથવા ન કરેલાં કર્મચારીઓનાં કોઈ કામ અથવા કસૂર માટે કંપની જવાબદાર રહેશે નહિ. આની નીચે ચૂકવવાપાત્ર બધી રકમ કંપનીની ઓફિસ ચૂકવશે. આ પોલિસી હેઠળ ચૂકવવાપાત્ર રકમ પર વ્યાજ ચડશે નહિ. આવી રકમ મળવાપાત્ર થયા પછી એક વર્ષની અંદર દાવો કરવામાં ન આવે, તો કંપની તે માટે જવાબદાર રહેશે નહિ.

૩. કંપનીને જરૂરી હોય તો અને ત્યારે પરંતુ કંપનીના ખર્ચે ગુનેગાર મળી આવે, તો આવા કર્મચારીઓએ કર્યા હોય તેવા કોઈ કામ માટે કસૂરવાર કર્મચારી પર ફોજદારી કેસ કરવામાં તમામ પરિશ્રમ કરવો. તેના પરિણામે આ પોલિસી હેઠળ દાવો કરવામાં આવશે. જેનાં કાર્યો અને કસૂરને કારણે દાવો કરવામાં આવ્યો છે અથવા જેના અંગે કંપની ચૂકવવા જવાબદાર રહેશે તે નાણાં અંગે આવા કર્મચારીઓની એસ્ટેટ આવા કોઈ કર્મચારી દ્વારા ભરપાઈ મેળવવા અને તે માટે કંપની મુકદ્દમો માંડી શકે તે માટે બધી માહિતી અને સહાય કંપનીના ખર્ચે આપશે.

૪. પરંતુ જેના માટે આની નીચે દાવો કરવામાં આવ્યો છે તે કર્મચારીઓનાં કાર્યો અને કસૂર ન હોત તો તેમનાં વેતન અથવા કમિશન જેટલી રકમ, જેના પર દાવો કરવામાં આવ્યો છે તે વીમાદાર તરફથી આવા કર્મચારીઓને ચૂકવવાપાત્ર થઈ હોત તે રકમ આ પોલિસી હેઠળ ચૂકવવાપાત્ર રકમમાંથી બાદ કરવામાં આવશે અને બધાં નાણાં, એસ્ટેટ અને માલમતા વીમાદારના હાથમાં જશે અથવા તે મેળવવામાં આવશે અથવા રાખશે. દાવાની પતાવટ અગાઉ વીમાદાર તરફથી કર્મચારીઓને મળવાના થાય તેમજ આવા કર્મચારીનું કોઈ કાર્ય શોધી કાઢ્યા પછી આવા કર્મચારીઓ માટે અથવા તેમના હિસાબે બધાં નાણાં અથવા માલમતા વીમાદારના કબજામાં અથવા સત્તા હેઠળ આવશે.

**વિભાગ ૧૦ : જાહેર જવાબદારી**

વીમાદાર જે રકમ ચૂકવવા કાયદેસર જવાબદાર બનશે (અનુસૂચિમાં નિયત કરેલી રકમને અધીન) તેની કંપની હાનિરક્ષા કરી આપશે.

(ક) વીમાદારની નોકરીમાં હોય તે સિવાયની કોઈ વ્યક્તિના આકસ્મિક મૃત્યુ અથવા તેને શારીરિક ઈજા સંબંધમાં કંપનીની લેખિત સંમતિથી વીમાદારે વળતર તરીકે અને મુકદ્દમાના અંગે કરેલું ખર્ચ અને/અથવા વીમાદાર અથવા તેના કુટુંબના તેની સાથે કાયમી રહેતા સભ્યે, વીમાદારના વેપાર સંબંધમાં કોઈ કામ કરવા દરમિયાન કરેલ કસૂર અથવા બેદરકારીથી મિલકતને થયેલ આકસ્મિક નુકસાન, કોઈ એક પ્રસંગમાંથી ઊભા થતા એક અકસ્માત અથવા શ્રેણીબંધ અકસ્માત અથવા વીમાના કોઈ એક સમયગાળા દરમિયાન બધા અકસ્માત માટે બધું મળીને વળતર અને મુકદ્દમા ખર્ચની મર્યાદા ₹ ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) રહેશે.

(ખ) વીમાદારના મકાન-વિસ્તારમાં રાખેલા કર્મચારીઓને પ્રાણઘાતક અકસ્માત અધિનિયમ, ૧૮૫૫, કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ અને તેના પર સુધારા અથવા નોકરી દરમિયાન આવા કર્મચારીઓને થતા મૃત્યુ અથવા શારીરિક ઈજા સંબંધમાં સમાન કાયદા અનુસાર વળતર તરીકે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(૧) વીમાદારના કુટુંબના કોઈ સભ્ય, ભાગીદાર, નિયામક, વ્યવસ્થા સ્ટાફ, કન્ટ્રાક્ટરના કર્મચારીઓનાં મૃત્યુ થવા શારીરિક ઈજા બદલ અથવા વીમાદાર અથવા વીમાદારના કુટુંબના કોઈ સભ્ય, ભાગીદાર, નિયામક, વ્યવસ્થા સ્ટાફ અને કન્ટ્રાક્ટરના કર્મચારીઓની અથવા તેમની કસ્ટડી અથવા નિયંત્રણ હેઠળની મિલકતને નુકસાન બદલ વળતર.

(૨) કોઈ પણ પ્રકારનાં પશુ, વાહનો, હવાઈ જહાજ, વહાણ, હોડી અથવા તરાપા અંગે વીમાદાર વતી અથવા તેની કસ્ટડી અથવા કબજામાં હોય અથવા માલિકીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલા અને તેમાંથી ઊભા થતા અથવા કારણરૂપ અકસ્માત

**સામાન્ય અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(૧) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રાજદ્રોહ, લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા, નાગરિક અશાંતિ, લૂંટ અથવા ઉઠાંતરી સંબંધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભાં થતાં તેના પરિણામરૂપ નુકસાન અથવા હાનિ

(૨) ઘસારો તથા તૂટફૂટથી થયેલ નુકસાન અથવા હાનિ

(૩) કોઈપણ પ્રકારના વર્ણનવાળાં પારિણામિક નુકસાન

(૪) (ક.) કોઈ મિલકતનું નુકસાન, નાશ અથવા હાનિ તેમાંથી ઊભા થતા અથવા પરિણમતાં કોઈ પારિણામિક નુકસાન

(ખ.) આયનીત કિરણોત્સર્ગ અથવા કોઈ અણુબળતણમાંથી રેડિયો એક્ટીવિટી દ્વારા દૂષિત અથવા અણુ બળતણના દહનમાંથી અથવા અણુશસ્ત્રોની સામગ્રીમાંથી અણુબગાડને કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભી થતી ગમે તે પ્રકારની કાયદેસર જવાબદારી.

**વિભાગ ૧૧ : વેપારમાં રુકાવટ**

પોલિસીના વિભાગ બાંધકામ (અંદરનીવસ્તુઓ) (નાણાં અને કિંમતી વસ્તુઓ સિવાય) હેઠળ આવરી લીધેલ જોખમોની કામગીરીના સીધા પરિણામ તરીકે વીમાદારના વેપારમાં રુકાવટમાંથી ઊભાં થતાં નુકસાન આ યાદીપત્રમાં આવરી લેવામાં આવે છે. તે વિભાગ ૧ હેઠળ દાવો

સ્વીકારાય તેને અધીન છે. ચૂકવવાપાત્ર રકમ વિભાગ ૧-ખ હેઠળની વીમાની રકમ

**અથવા**

નુકસાનના સમયે ચલાવવાનાં સાધનો, સ્ટોક અને બીજી બધી અંદરની વસ્તુઓની ખરેખર કિંમત, એ બેમાંથી જે ઓછું હોય તે.

હાનિરક્ષાના સમય દરમિયાન કામકાજના દિવસોની કુલ સંખ્યા અંગે વીમો ઉતરાવેલ જોખમની કામગીરીના પરિણામે ગુમાવેલા પૂરેપૂરા કામકાજના દિવસોની સંખ્યાનો ગુણોત્તર

આથી જાહેર કરવામાં અને કબૂલ કરવામાં આવે છે કે આ પોલિસીમાં કંઈ પણ અન્યથા દર્શાવ્યું હોવા છતાં, આ પોલિસી હેઠળ આપેલો વીમો વિભાગ ૧ અને નીચેની હેઠળ શરતો હેઠળ આવરી લીધેલાં જોખમોની કામગીરીના સીધા પરિણામ તરીકે વીમાદારના વેપારમાં રુકાવટમાંથી ઊભા થતા નુકસાનને આવરી લેવા આ પોલિસી હેઠળ વિસ્તારવામાં આવે છે.

૧. (ક) 'વેપારમાં રુકાવટ' એટલે આ પોલિસીના વિભાગ ૧ હેઠળ વીમો ઉતરાવેલાં જોખમોની કામગીરી અંગે વીમાદાર સામાન્ય રીતે રોકાયેલો રહે તે રાબેતા મુજબની વાણિજ્યિક પ્રવૃત્તિ બંધ કરવી એવો થશે.

(ખ) 'હાનિરક્ષા સમય' એટલે વિભાગ ૧ હેઠળ વીમો ઉતરાવેલ જોખમોની કામગીરીમાંથી ઊભી થતી તેની રાબેતા મુજબની પ્રવૃત્તિ જેટલા સમયગાળા માટે વીમાદાર ફરી શરૂ કરી શકે, તે પરંતુ કોઈ પણ બાબતમાં આ સમય નુકસાનની તારીખની મધરાતથી ગણતાં ૩૬૫ દિવસ કરતાં વધારે નહિ હોય.

૨. વળી જાહેર અને કબૂલ કરવામાં આવે છે કે હાનિરક્ષાના સમયગાળા દરમિયાન વીમાદાર અથવા તેમની વતી બીજી કોઈ વ્યક્તિ કોઈ માલ બીજે ક્યાંક વેચે તો આવાં વેચાણની ૩૫ ટકા જેટલી રકમ આ વિસ્તરણ હેઠળ કંપનીની જવાબદારી ગણવા માટે હિસાબમાં લેવામાં આવશે.

૩. વધુમાં જાહેર કરવામાં આવે છે કે વીમાદાર તેની વેપાર પ્રવૃત્તિઓમાં જેમાં ચલાવે છે, પણ તેમાં તેને કોઈ વીમાપાત્ર હિત નથી તેવી ઇમારત સંબંધમાં વિભાગ ૧ હેઠળ વીમો ઉતરાવેલ જોખમોની સીધી કામગીરીથી થયેલ આવી રુકાવટ પ્રસંગે વેપાર રુકાવટ નુકસાન પણ ચૂકવી શકાશે.

૪. નીચેનાને મોટું નુકસાન થવાને પરિણામે રુકાવટના નુકસાન માટે વીમો ઉતારનાર જવાબદાર રહેશે નહિ :

(ક) કોઈ પણ પ્રકારની જામીનગીરીઓ, જવાબદારીઓ અથવા દસ્તાવેજ, ટિકિટો, સિક્કા અને પેપર મની, ચેક, હિસાબના ચોપડા, બીજા વેપારના ચોપડા કોમ્પ્યુટર પદ્ધતિનું રેકર્ડ

(ખ) હસ્તપ્રત, નકશા, ચિત્રકામ અથવા ડિઝાઇન મોડલ, બીબાં

૫. (ક) વેપારની પુનર્રચના અથવા ચાલુ કરવા અંગે જાહેર સત્તાતંત્રે નાખેલા નિયંત્રણથી,

(ખ) નાશ પામેલ, નુકસાન થયેલ અથવા ગુમાવેલી મિલકતના સમયસર પુનઃસ્થાપન કરવા અથવા તે બદલવા માટે વીમાદાર પાસે પૂરતી મૂડી ન હોવાથી; થયેલ રુકાવટને કારણે નુકસાન વધે તો વીમાદાર જવાબદાર નહિ રહે.

૬. (ક) વેપાર આટોપી લેવામાં આવે અથવા ફડચા અધિકારી અથવા રીસીવર તે ચલાવે અથવા કાયમી બંધ કરવામાં આવે;

(ખ) વીમાદારનું હિત મૃત્યુ સિવાય બંધ થયું હોય;

(ગ) આ વીમો ચાલુ થાય પછી કોઈ પણ વખતે વીમો ઉતારનારનું જોખમ જેનાથી વધે તે મિલકત અથવા સ્થળમાં અથવા વેપારમાં કોઈ ફેરફાર કરવામાં આવે, તો આ પોલિસીનો વીમો બંધ થશે, સિવાય કે કંપનીએ અથવા તેના વતી યાદીપત્રથી તે ચાલુ રાખવાનું કબૂલ કર્યું હોય.

૭. આ પોલિસી હેઠળ દાવો કરવામાં આવે તેના પરિણામે કોઈ બનાવ બનતાં, વીમાદાર -

(ક) કંપનીને તેની તરત નોટિસ આપશે;

(ખ) વેપાર સાથે રુકાવટ અથવા દરમિયાનગીરી ખૂબ ઘટાડવા અથવા તેનું નિયંત્રણ કરવા અથવા નુકસાન નિવારવા અને ઘટાડવા જે વાજબી અને વ્યવહારુ હોય તેવી બધી વસ્તુઓ યોગ્ય ધગશથી કરશે અને તેમાં સંમત થશે.

(ગ) હાનિરક્ષા મુદત પૂરી થયા પછી વધુમાં વધુ ૩૦ દિવસની અંદર અથવા કંપની લેખિતમાં છૂટ આપે તેટલા વધુ સમયમાં તેના બીજા બધા ભાગની વિગતો સાથે તેના દાવાની વિગતો દર્શાવતું પત્રક અથવા તેમાંથી પરિણમતું કોઈ પણ પ્રકારનું પારિણામિક નુકસાન વીમાદાર પોતાના ખર્ચે કંપનીને લેખિત સોંપશે.

(ઘ) દાવો તપાસવા અથવા તેની ખરાઈ કરવાના હેતુ માટે અને તેની સાથે જોડાયેલ દાવા અને બીજી બાબતોની સચ્ચાઈ બીજા કાનૂની ફોર્મમાં એકરાર સાથે આવા દસ્તાવેજો, સાબિતી, માહિતી, ખુલાસા અને બીજા પુરાવા તેના પોતાના ખર્ચે રજૂ કરશે અથવા મેળવશે અને કંપનીને આપશે.

આ શરતોનું પાલન કરવામાં ન આવે ત્યાં સુધી આ પોલિસી હેઠળ કોઈ દાવો ચૂકવવામાં નહિ આવે. આનું પાલન કરવામાં ન આવે, તો દાવા અંગે કોઈ ચૂકવણી કરી દીધી હોય તે કંપનીને તરત જ પાછી ચૂકવવાની રહેશે.

ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ. વતી

યોગ્ય રીતે નિમાયેલ એટર્ની

**નોંધ :** કાનૂની અર્થઘટન બાબતમાં અંગ્રેજી પાઠને માન્ય ગણવામાં આવશે.